**મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મીશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના અંતર્ગત તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ "મરી મસાલા શાકભાજી પાકો : વૈજ્ઞાનિક અભિગમ" ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ અંગેનો અહેવાલ / કાર્યનોંધ**

---

માનનીય કુલપતિશ્રી ડાં. કે. બી. કથીરીયા સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા "**મરી મસાલા શાકભાજી પાકો : વૈજ્ઞાનિક અભિગમ**" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ **તા.૨૭/૦૩/૨૦૨૫** ના રોજ **મીશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના** અંતર્ગત યોજેલ. ડાં. એમ. કે. ઝાલા સાહેબ, સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા આ તાલીમની ત્વરીત મંજુરી આપીને વૈજ્ઞાનિકો તેમજ ખેડૂતોને તાલીમ માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ તાલીમમાં આણંદ જીલ્લાના જુદા જુદા ગામોના કુલ-૧૦૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના યુનિટ વડા અને સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) ડાં. આર. આર. આચાર્ય ધ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનોને તેમજ ખેડૂતોને આવકાર્યા અને જુદા જુદા શાકભાજી પાકોની સંશોધીત જાતો વિષે વિગતવાર માહિતી આપી. અતિથિ વિશેષ તરીકે ડાં. એસ. ડી. પટેલ,  સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ ધ્વારા ખેડૂતોને સંશોધીત જાતોના બિયારણના માધ્યમથી  ઓછા ખર્ચે ખેડૂતો પોતાની આવક કઈ રીતે વધારી શકે તે વિશે સમજણ આપી અને સંકર/સુધારેલ બિયારણનો ઉપયોગ તથા યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં ચાલતા તાલીમ કાર્યક્રમમાં તાલીમ લેવા જણાવેલ. ડાં. કે. વી. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક (ઔષધિય) ધ્વારા શાકભાજી મસાલા પાકોની ઔષધિય મહત્વતા વિશે જણાવ્યુ. આ પ્રસંગે ડાં. આર. જી. પરમાર, પ્રાધ્યાપક અને વડાશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર ધ્વારા શાકભાજી ની ખેતીમાં રોગ નિયંત્રણ પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું.

આ કાર્યક્રમમાં નિષ્ણાંતો ધ્વારા વિવિધ વિષયો પર વકતવ્ય આપી ખેડૂતોને મરી મસાલા શાકભાજી પાકોની ખેતી કરવામાં આવતી સમસ્યા અને તેનું નિરાકરણ વિશે પધ્ધતિસર વિગતવાર માર્ગદર્શન પુરુ પાડેલ. જેમાં ડાં. એમ. એમ. પંડયા ધ્વારા ડુંગળી-લસણની આધુનિક ખેતી પધ્ધતિ, શ્રી કે. જે. વેકરીયા ધ્વારા આદુ અને હળદરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, ડાં. એન. એ. પટેલ ધ્વારા મરચીની ખેતીમાં નુતન અભિગમ પર માર્ગદર્શન આપ્યું હતું  તેમજ ડાં. સી. કે. બોરડ ધ્વારા શાકભાજી પાકોમાં આવતી વિવિધ જીવાતોની ઓળખ તથા તેના નિયંત્રણ વિશે વિસ્તૃત માહિતી આપેલ. ડાં પાર્થ રહેવર ધ્વારા ખેડૂતોને ક્ષેત્ર પ્રદર્શન દરમ્યાન સંશોધન ફાર્મની મુલાકાત કરાવેલ. અંતમાં,  ડાં. એમ. એમ. પંડયાએ સર્વેનો આભાર વયક્ત કયો હતો.

**સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી)**




એક દિવસીય તાલીમ કાર્યક્રમ
તા. ૨૭/૦૩/૨૦૨૫




મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ












